# અદાણી ઈલેક્ટ્રિસિટી દ્વારા રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા સપ્તાહની ઉજવણી




મુંબઈ, તા. ૯ : અદાણી ઈલેક્ટ્રિસિટી મુંબઈ લિમિટેડ (એઈએમએલ) દ્વારા આરટીઓના વરિષ્ઠ અધિકારીઓના સહયોગમાં ૪ ફેબ્રુઆરીથી ૧૦ ફેબ્રુઆરી સુધી ૩૦મા નેશનલ રોડ સેફ્ટી વીકની ઉજવણી થઈ રહી છે. સપ્તાહ દરમિયાન આરટીઓના અધિકારીઓ ૭૦૦૦થી વધુ કર્મચારીઓને અને એઈએમએલના ગ્રાહકોને સાંકળશે જેથી લોકોમાં સુરક્ષા અંગેની જાગૃતિમાં વધારો કરી શકાય.

માર્ગ સુરક્ષાનો સંદેશો મૂકવા માટે એઈએમએલે અકસ્માત થયેલાં વાહનો પણ જાહેરમાં મૂક્યાં છે જેથી માર્ગ અકસ્માતોની ગંભીરતા અને મૃતકોની સંખ્યા પર ભાર મૂકી શકાય. આરટીઓના વરિષ્ઠ અધિકારીઓ માર્ગ અકસ્માતો બાબતે પોતાના અનુભવોની જાણકારી તેમ જ ડ્રાઈવિંગ કરતી વખતે રાખવાની સાવધાની વિશે માહિતી આપવા માટે એઈએમએલની ઓફિસની મુલાકાત લઈ રહ્યા છે.

આ બાબતને ધ્યાનમાં રાખી એઈએમએલે આરટીઓની તમામ ૨૪ ઓફિસોએ વર્કશોપ હાથ ધરવા માટે આરટીઓ અધિકારીઓને આમંત્રણ આપ્યું છે. તેઓ માર્ગ સુરક્ષાની અગત્યતા વિશે જાણકારી આપે છે.